**આંક– ૧ લગત હુકમ**

(૧) હાલના કામે આંક–૧ થી રજુ ખાનગી ફરિયાદ ધી રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત અમદાવાદનાઓ ધ્વારા ધ કંપનીઝ એકટ, ૧૯૫૬ની કલમ ૨૨૦(૩) ના પ્રબંધો હેઠળ તા.૦૩/૦૪/૨૦૧૩ ના રોજ આરોપીઓ નામે (૧) મેસર્સ જાહનવી એગ્રો – ફાર્મસ પ્રા.લી. (૨) ભાવેશ એચ. શાહ (૩) રસિક રામદાસ પટેલ (૪) બાબુભાઈ વજેસિંહ મહિડા (૫) હરગોવિંદ બિજલભાઈ પરમાર નાઓ વિરૂઘ્ધ દાખલ કરવામાં આવતા આ કેસના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીઓ સામે ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈસ્યુ કરવા તા. ૦૩/૦૪/૨૦૧૩ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીઓ સામે પ્રોસેસ / સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આ કામના આરોપી નં.૧,૪ તથા ૫ નાઓ તેમના વકિલશ્રી મારફતે હાજર થયેલ છે અને આરોપી નં.૧,૪ તથા ૫ તર્ફે કબુલાત પુરસીશ રજુ થતા અત્રેની અદાલત દ્રારા આરોપીને દંડની રકમ ભરવા હુકમ કરવામાં આવેલ છે. જે હુકમ મુજબ આરોપી નં.૧,૪ તથા ૫ દ્રારા દંડની રકમ ભરપાઈ કરવામાં આવતા આરોપી નં.૧,૪ તથા ૫ સામેનો કેસ ફેસલ કરવામાં આવેલ છે.

(૩) વધુમાં, સદર કામના આરોપી નં.૨ ભાવેશ એચ. શાહ નાઓને સમન્સની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આરોપી નં.૨ તર્ફે આંક–૨૦ થી ડિસ્ચાર્જ અરજી રજુ થતા તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ થયેલ હુકમ મુજબ આરોપી નં.૨ ને સદર ફરિયાદના કામેથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે.

(૪) વધુમાં, સદર કામના આરોપી નં.૩ રસીક રામદાસ પટેલ નાઓ ઉપર અવારનવાર પ્રોસેસ/સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતાં આરોપી નં.૩ પર પ્રોસેસની બજવણી શક્ય બનેલ નથી. કેસ રેકર્ડ વંચાણે લેતા આ કામે ફરિયાદ પક્ષ દ્રારા આરોપી નં.૩નું નવુ કોઈ સરનામુ રજુ કરી પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

(૫) રેકર્ડ પરની સમગ્ર હકિકતો લક્ષમાં લેતા સદરહું ફરિયાદનુ કામ સને–૨૦૧૩ના વર્ષનું એટલે કે લગભગ ૧૨ વર્ષ જેટલું જુનુ હોવાથી આરોપી નં.૩ નાઓ ઉપર

પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવા ફરિયાદ પક્ષને વધુ સમય આપવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ ન હોઈ આ કામે ફરિયાદ પક્ષ તે આરોપી નં. ૩ નાઓ ઉપર પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ધ્યાને લેતા,આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

(૬) ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ હોઈ તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) આંક-૧ની ફરિયાદ ડિસમીસ ફોર ડિફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(ડી.એચ.ખંભાતી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી) કોડ : જીજે-૦૦૮૬૬

તા. ૧૬/૦૬/૨૦૨૫
અમદાવાદ (સીટી).